# અખબારી યાદી

વલસાડ જિલ્લામાં જમીન મહેસુલ તથા વિવિધ પ્રકારના દાવા સહીતના સરકારશ્રી/કલેક્ટર કચેરી તેમજ તાબાની કચેરીઓ સામે ચાલતા તમામ કોર્ટ કેસોમાં સરકારશ્રી પક્ષે રજુઆત તેમજ અસરકારક બચાવ થઈ શકે તે માટે સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૨ તથા તા.૨૨/૦૨/૨૦૨૧ ના ઠરાવથી નક્કી થયેલ શરતો, બોલીઓ, જવાબદારી અને લાયકાતના ધોરણે કલેક્ટર કચેરી, વલસાડ ખાતે ૧૧ (અગિયાર) માસની મુદ્દત માટે કરાર આધારિત કાયદા અધિકારીની ૧ (એક) જગ્યા વલસાડ જિલ્લા માટે નિમણૂંક કરવાની છે. આ અંગેની અરજીઓ નીચેની લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવારશ્રીઓ પાસેથી તા.૦૫/૦૪/૨૦૨૫ સુધીમાં અત્રેની કચેરીને મળી જાય તે રીતે સિલબંધ કવરમાં કલેક્ટર કચેરી, વલસાડ ખાતે રૂબરૂ/ટપાલ દ્વારા મંગાવવામાં આવે છે. (https://valsad.gujarat.gov.in/circulars અને https://valsad.nic.in.notice_category/recruitment/ પરથી પણ માહિતી મેળવી શકાશે) અરજીમાં ઉમેદવારનું નામ, જન્મ તારીખ, રહેઠાણનું સ્થળ (કાયમી/હંગામી), મોબાઈલ નંબર, શૈક્ષણિક લાયકાત, અનુભવની વિગતો દર્શાવવી તથા આ અંગેના પ્રમાણિત આધાર પુરાવા અરજી સાથે સામેલ રાખવા. (કવર પર "કલેક્ટર કચેરી, વલસાડ ખાતે કરાર આધારિત કાયદા અધિકારીની જગ્યા માટેની અરજી" એવું દર્શાવવું).

૧. **અરજદારશ્રીની ઉંમર :** જાહેરાતની તારીખે ૫૦ (પચાસ) વર્ષથી વધુ હોવી જોઈએ નહી.

૨. **શૈક્ષણિક લાયકાત :**

(૧) કાયદા (સ્પેશ્યલ)ની ડીગ્રી અથવા કેન્દ્ર અથવા રાજ્ય સરકારના કાયદા દ્વારા સ્થપાયેલ યુનિવર્સીટી દ્વારા એચ.એસ.સી બાદ પાંચ વર્ષનો અભ્યાસક્રમ પાસ કરેલ હોવાનું ડીગ્રી અથવા યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશન એક્ટ-૧૯૫૬ ની કલમ-૩ દ્વારા સ્થપાયેલ યુનિવર્સીટી દ્વારા મેળવેલ કાયદાની ડીગ્રી.

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં જણાવ્યા મુજબ કોમ્પ્યુટર ઉપયોગનું પાયાનું જ્ઞાન.

(૩) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

૩. **અનુભવ:-**

(૧) હાઈકોર્ટના તાબા હેઠળની કોર્ટમાં એડવોકેટ અથવા એટર્ની અથવા સરકારી વકીલ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ.

(૨) હાઈકોર્ટમાં એડવોકેટ અથવા સરકારી વકીલ અથવા એટર્ની તરીકેનો પાંચ વર્ષનો અનુભવ

(૩) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા અથવા સરકાર હસ્તકના બોર્ડ નિગમ અથવા કંપની કાયદા હેઠળ સ્થપાયેલ કંપનીમાં કાયદાકીય બાબતોના પાંચ વર્ષનો અનુભવ. ઉક્ત અનુભવ અંગે પ્રમાણપત્ર ઉમેદવારશ્રીએ જ્યાં પ્રેક્ટીસ કરેલ હોય તે રજીસ્ટ્રારશ્રી કોર્ટ, સંબંધિત જિલ્લા નામ. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજશ્રી અથવા સંબંધિત સીટી સિવિલ કોર્ટના મ્યુનિસીપલ સિવિલ જજશ્રી અથવા કંપની કાયદા, સરકાર હસ્તકના નિગમ, સ્થાનિક સ્વરાજની સંસ્થાના કચેરીના વડા દ્વારા પ્રમાણિત કરેલ હોવા જોઈએ. (સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૨ ના ઠરાવના પરિશિષ્ટ-૩ માં જણાવેલ વિગતે અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.)

(૪) ઉમેદવારશ્રી ગુજરાતી બોલવા, વાંચવા અને લખવાનું તથા ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરવામાં સક્ષમ હોવા જોઈએ. તે અંગેનું પ્રમાણપત્ર ઉપર મુજબના અધિકારીશ્રીઓ દ્વારા પ્રમાણિત કરેલ પ્રમાણપત્ર બીડવાનું રહેશે.

૪. **પગાર :-**

(૧) માસિક રૂા. ૬૦,૦૦૦/- ફિક્સ.

૫. **અન્ય :–**

(૧) આ અંગે સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૨ ના ઠરાવથી નક્કી કરેલ પરિશિષ્ટ–૩ તથા અન્ય આનુષાંગિક માહિતી પરિશિષ્ટ–૧ તથા ૨ મહેકમ શાખા, જિલ્લા કલેક્ટર કચેરી, વલસાડ ખાતેથી ચાલુ કામકાજના દિવસોએ તા.૦૫/૦૪/૨૦૨૫ સુધીમાં સવારના ૧૧ : ૦૦ થી ૧૪ : ૦૦ કલાક દરમિયાન રૂા.૧૦૦/– (નોન રીફંડેબલ) "૦૦૭૦ પરચુરણ સામાન્ય સેવા" સદરે ચલણથી જમા કરાવી અસલ ચલણ રજુ કર્યેથી મેળવી શકાશે.

(૨) અનુભવ તથા લાયકાત માટે પરિશિષ્ટ–૩ ની જોગવાઈ લક્ષમાં લેવાની રહેશે. કરાર આધારિત નિમણૂંક પામેલ કાયદા અધિકારીશ્રીએ પરિશિષ્ટ–૧ તથા ૨ ની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે તથા વલસાડ જિલ્લાને લગતી કામગીરી કરવાની રહેશે.

૬. **ડેક્લેરેશન :–**

કોઈ ગુન્હાહીત કૃત્યમાં સંડોવાયેલ નહી હોવા અંગેનું ડેક્લેરેશન રજુ કરવાનું રહેશે તેમજ શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ વગેરેના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો રજુ કરવાની રહેશે.

૭. અધુરી વિગતવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહી.

તારીખ: ૦૫/૦૩/૨૦૨૫
સ્થળ:– વલસાડ

(એન.એન.દવે)
**કલેક્ટર વલસાડ**

નંબર : ઈએસટી–૧/વશી/ ૯૮૦૫ થી ૧૦૦૪ /૨૦૨૫
કલેક્ટર કચેરી, મહેકમ દફતર, ચીટનીશ શાખા,
વલસાડ.

**નકલ સવિનય રવાના :**

ઉપ સચિવશ્રી, મહેસુલ વિભાગ, ન–શાખા, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ...

**નકલ જયભારત રવાના :**

(૧) કલેક્ટરશ્રી.......................................................... (ગુજરાત રાજ્ય તમામ) તરફ...
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વલસાડ તરફ...
(૩) પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ તરફ...
(૪) રજીસ્ટ્રારશ્રી, જિલ્લા ન્યાયાલય, વલસાડ તરફ...
(૫) જિલ્લા સરકારી વકીલશ્રી, વલસાડ તરફ...
(૬) પ્રમુખશ્રી, બાર એશોસીએશન વલસાડ તરફ...

૨/– જાહેરાતની નકલ નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ...

**નકલ રવાના :**

(૧) મદદનીશ માહિતી નિયામકશ્રી, વલસાડ તરફ...

૨/– ઉપરોક્ત જાહેરાત વિનામુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ...

(૨) પ્રાંત અધિકારીશ્રી, ...................................................... જિ. વલસાડ (તમામ) તરફ...
(૩) મામલતદારશ્રી, ..........................................................જિ. વલસાડ (તમામ) તરફ...

૨/– કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ...

# કરાર આધારીત કાયદા અધિકારીની નિમણૂંક બાબતે અરજી– વલસાડ જિલ્લો

| ઉમેદવારનો તાજેતરનો ફોટોગ્રાફ |
|---|

૧. ઉમેદવારનું નામ (ગુજરાતીમાં) :–

ઉમેદવારનું નામ (અંગ્રેજીમાં) :–

૨. માતાનું નામ :–

૩. હાલનું સરનામું :–

૪. કાયમી સરનામું :–

૫. જન્મ તારીખ :–

૬. જાતિ :–

૭. નાગરિકત્વ :–

૮. વૈવાહિક દરજ્જો :–

૯. શારીરિક રીતે અશકત ઉમેદવાર :–

૧૦. મોબાઈલ નંબર :–

૧૧. શૈક્ષણિક લાયકાત :–

૧૨. કોમ્પ્યુટરની પ્રાથમિક જાણકારી :–

૧૩. અનુભવ :–

અ. હાઈકોર્ટના કાર્યક્ષેત્ર હેઠળની નીચેની કોર્ટમાં પાંચ કે તેથી વધુ વર્ષનો વકીલાત/સરકારી વકીલ તરીકેનો અનુભવ છે કે કેમ?

બ. હાઈકોર્ટમાં પાંચ કે તેથી વધુ વર્ષનો વકીલાત/સરકારી વકીલ તરીકેનો અનુભવ છે કે કેમ?

ક. સરકારશ્રી હસ્તકની કચેરી/બોર્ડ/નિગમ/કાયદાથી સ્થાપિત લીમીટેડ કંપનીઓમાં પાંચ કે તેથી વધુ વર્ષનો કાયદાકીય બાબતોનો અનુભવ છે કે કેમ?

૧૪. જાણતા હોય તે ભાષાઓ :–

| ભાષા | બોલી શકો | વાંચી શકો | લખી શકો |
|---|---|---|---|
| અંગ્રેજી | | | |
| ગુજરાતી | | | |
| હિન્દી | | | |

૧૫. અન્ય માહીતી જો હોય તો :–

પરીશિષ્ટ–૧ ,૨ અને ૩ અનુસારનું બિડાણ કરવુ

સ્થળ :–

તારીખ :– / /૨૦૨૪

.........................................

(ઉમેદવારની સહી)

# બાંહેધરી

હું.......................................................................................................

.ખાત્રી પૂર્વક જાહેર કરું છું કે, ઉપર જણાવેલ વિગતો મારી જાણ મુજબ સાચી છે અને જો તેમાં કોઈપણ વિગતો ખોટી હશે તો તે અંગે સક્ષમ અધિકારીનો નિર્ણય અંતિમ રહેશે અને તે મને બંધનકર્તા છે. મે અરજી ફોર્મ સાથે સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૨ના ઠરાવ સાથેના પરિશિષ્ટ–૧ થી ૩ની તમામ વિગતો, આપેલ નિયમો અને શરતો વાંચીને સમજ્યા છે. સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૭/૧૨/૨૦૨૨ના ઠરાવ અને સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૦/૧/૨૦૨૨ના ઠરાવમાં આપેલ જોગવાઈઓ વાંચીને સમજ્યા છે. તથા આ જગ્યાના સદર ઠરાવમાં કરેલ જોગવાઇ મુજબના ભરતી નિયમો મને કબુલ મંજુર છે. ભવિષ્યમાં હું આ અંગે કોઈપણ જાતની તકરાર કે વાંધો ઉઠાવીશ નહી. તેની આથી ખાત્રી આપુ છું.

.......................................

(ઉમેદવારની સહી)

**નોંધ:–** <u>સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૨, તા.૨૭/૧૨/૨૦૨૨ અને તા.૨૦/૦૧/૨૦૨૨ના ઠરાવમાં કરેલ જોગવાઇ મુજબ સરકારશ્રી દ્વારા મંજુરીને આધીન નિમણૂંક આપવામાં આવશે. તેમજ નિમણૂંક થયેથી જરૂરી કરારખત તથા બોન્ડ લખી આપવાના રહેશે.</u>

## પરિશિષ્ટ-૧

# કરાર આધારિત નિમણૂંક પામતા કાયદા અધિકારીઓની સેવાની અન્ય બોલીઓ અને શરતો

(૧) તેઓની આ નિમણૂંક તેઓ હાજર થાય તે તારીખથી પ્રથમ તબક્કે ૧૧(અગિયાર) માસની મુદ્દત માટેની રહેશે.

(૨) નિમણૂંક કરનાર કે નિમણૂંક પામનાર એ બંન્ને પક્ષો એક માસની નોટીશ આપીને કરાર નિયુક્તિનો અંત લાવી શકશે.

(૩) તેઓએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.

(૪) તેઓની સામાન્ય ફરજો અને જવાબદારીઓ આ સાથે સામેલ પરિશિષ્ટ-૨માં જણાવ્યા પ્રમાણેની રહેશે.

(૫) તેઓને રૂ.૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાઇઠ હજાર પુરા) માસિક એકત્રિત રકમ મળવાપાત્ર રહેશે.

(૬) ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઇપણ જાતનાં ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

(૭) કરારના સમયગાળા દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત તથા પગારપંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહીં.

(૮) કરાર સમયગાળા દરમિયાનની નોકરી બદલ વધારાનું પેન્શન,બોનસ,એલટીસી,એન્કેશમેન્ટ ઓફ લીવ,પેશગી કે તેવા અન્ય કોઇ પ્રકારના નાંણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૯) કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુંટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઇ નાંણાકીય લાભ,એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(૧૦) તેઓના કામકાજનો સમય સચિવાલય કચેરીના સમય મુજબનો રહેશે અને તે અનુસાર કચેરીમાં હાજરી આપવાની રહેશે. પ્રસંગોપાત વધુ સમયના કામ માટે કોઇ વળતર ભથ્થું આપવામાં આવશે નહીં.

(૧૧) તેઓને વર્ષ દરમિયાન ૧૨ પરચૂરણ રજા કલેક્ટરશ્રીની પૂર્વ મંજુરીથી મળવાપાત્ર થશે અને અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં. અનિવાર્ય સંજોગોના કારણે જો તેમને વધુ રજા લેવાની થાય તો તેવી ગેરહાજરીના સમયગાળા સામે મળતી ઉચ્ચક રકમમાંથી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે.

(૧૨) તેઓએ કાર્યમથક ઉપર રહેઠાણ રાખવાનું ફરજિયાત રહેશે અને કલેક્ટરશ્રીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહીં.

(૧૩) તેઓએ સરકારી કામકાજ અર્થે પ્રવાસ જવાનું થાય તો તેવા પ્રસંગે સરકારના પીબી-૨-માં પે બેન્ડ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ના ગ્રેડ પે રૂ.૫૪૦૦/-ના વર્ગ-૧ના જૂના પગાર ધોરણ મુજબ ગણીને તેમને મળવાપાત્ર થતા ન્યુનત્તમ પગાર મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

(૧૪) તેઓને ગુજરાત સિવિલ સર્વિસીસ (કન્ડક્ટ રૂલ્સ),૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

(૧૫) તેઓએ આ સાથે સામેલ નમૂના મુજબનું મળનાર માસિક એકત્રીત વેતનની રકમનું બોન્ડ આપવાનું રહેશે.

## પરિશિષ્ટ–૨

## કાયદા અધિકારીશ્રીઓએ બજાવવાની રહેતી સામાન્ય ફરજો અને જવાબદારીઓની વિગતો

(૧) કલેક્ટર કચેરીના તમામ શાખાના નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ ચાલતા તમામ કેસોની કામગીરી.

(૨) કલેક્ટર કચેરી ખાતેની તમામ શાખાઓના નામ.સુપ્રિમ કોર્ટ સમક્ષ ચાલતા કેસોને લગતી કામગીરી.

(૩) ગુજરાત રાજ્ય બહાર અન્ય કોર્ટોમાં ટ્રાન્સફર થયેલ કે થનાર કોર્ટ કેસોને લગતી તમામ કામગીરી.

(૪) કલેક્ટર કચેરીને લગતા કોર્ટ કેસોની કામગીરીના સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટના રાજ્ય સરકારના એડવોકેટ,ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ અને આ કામે રાજ્ય સરકાર તરફથી જુદી જુદી કામગીરી સંદર્ભે રોકવામાં આવેલ એડવોકેટ સાથે સંકલનની કામગીરી.

(૫) કલેક્ટર કચેરીને લગતા કોર્ટ કેસો સંદર્ભે સબંધિત શાખાઓના લાયઝનમાં રહીને કોર્ટ કેસો તથા તેને આનુષાંગિક કામગીરી ઉપરાંત અંગત રસ લઇ કોર્ટ કેસો સંદર્ભમાં પેરાવાઇઝ રીમાર્ક્સ તૈયાર કરવા,સોગંદનામા તૈયાર કરવા,સરકારી વકીલ અથવા સરકારશ્રી દ્વારા રોકવામાં આવેલ વકીલશ્રીઓને બ્રીફ કરવા તેમજ કેસની મુદ્દત/સુનાવણી દરમિયાન જે તે શાખાના સંકલનમાં રહી કોર્ટ ખાતે હાજરી આપવાની કામગીરી અને કેસ ચાલતો હોય ત્યારે સરકારી વકીલશ્રીનું Law Point તરફ ધ્યાન દોરી સરકારશ્રી પક્ષે અસરકારક રજૂઆત થાય તે જોવાની કામગીરી.

(૬) ઉપરોક્ત કામગીરી સિવાય કલેક્ટરશ્રી તરફથી કોર્ટ કેસોના સંદર્ભમાં જે કોઇ કામગીરી સોંપવામાં આવે તેવી તમામ પ્રકારની કામગીરી.

(૭) ઉપયુક્ત કોર્ટ કેસો માટે કાયદા અધિકારીશ્રીએ જરૂર જણાયે સૂચના મળે સામાન્ય કચેરી સમય ઉપરાંત,પ્રસંગ ઉપસ્થિત થયે,રોકાઇને તેમજ જાહેર રજાના દિવસે પણ કામગીરી બજાવવાની રહેશે. જેના માટે કોઇ વધારાનું મહેનતાણું કે ભથ્થું મળવાપાત્ર રહેશે નહીં.

પરિશિષ્ટ-૩

## Provisions regarding qualification and experience of Legal Officers to be appointed on contractual basis in fixed pay.

1. To be eligible for appointment by direct selection on contractual basis in fixed pay on the post of Legal Officers under Revenue Department shall-
   - (a) Not be more than 50 years of age:
   - (b) Possess-
     - (i) a degree in law (Special) or law with five years course after Higher Secondary Certificate (H.S.C.) or any of the Universities incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized by the Government or deemed to be a University Grant Commission Act,1956; and
     - (ii) The basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.
     - (iii) Adequate knowledge of Gujarati and / or Hindi.
   - (c)
     - (i) have about five years experience as a practicing Advocate or Attorney or Government Pleader in the Subordinate Court of High Court; or
     - (ii) Have about five years experience as a practicing advocate or attorney or Government Pleader in the High Court; or
     - (iii) Have about five years experience of legal matters in local bodies or Government undertaking Board/Corporation or Limited Company established by law.

     Provided that such period of practice in concerned Court as an Advocate shall be certified by the Registrar General of High Court in case of candidate practicing in the High Court or by the Principal Judicial Officer in case of candidate practicing in the Court Subordinate to the High Court or Principal District Judge of the concerned district or Principal Judge of the City Civil Court where a candidate is practicing.
   - (d) The candidate shall have sufficient knowledge of Gujarati so as to enable him to speak, read and write in Gujarati and to translate with ease from Gujarati into English and vice-versa such knowledge shall be certified :-

(i) In case of an advocate practicing in the High Court by the Registrar General and in case of an Advocate in Courts Subordinate to the High Court by the Principal Judicial Officer in case of Courts in the city of Ahmedabad or by the Principal District Judge of the district concerned as the case may be,

(ii) In case of a candidate working in local bodies or Government undertaking Board/Corporation or Limited Company established by Law in India, by the Head of the Office under whom such candidate is working.